**30 ફોન પછી પણ**

ટોલ ઓનલાઇન કપાઇ જાય છે પરંતુ મદદ કરવાની કોઈ વાત નહીં

# એક્સપ્રેસ વે પર સહાય નહીં મળી

**ગાડી** બંધ થઈ જતાં મદદ માટે 150 કિલોમીટર દૂરથી ભાઈને કાર લઈને બોલાવવો પડ્યો




### એક્સપ્રેસ વે પર આ મદદ કરવી પડે છે

(1) **અકસ્માત સહાય:** હાઇવે કે એક્સપ્રેસ વે પર અકસ્માત થાય ત્યારે તાત્કાલિક એમ્બ્યુલન્સ અને પોલીસ મદદ મોકલવી.
(2) **વાહન બગડી જવું:** ગાડી અચાનક બંધ થઈ જાય, ટાયર ફાટી જાય કે અન્ય ખરાબી સર્જાય ત્યારે ક્રેન અથવા રિપેરિંગ સપોર્ટ પૂરો પાડવો.
(3) **ફરિયાદોનું નિવારણ:** ટોલ પ્લાઝા પર થતી સમસ્યાઓ કે હાઇવે સંબંધી મુશ્કેલીઓ અંગે ફીડબેક કે ફરિયાદ નોંધવી
(4) **બહુભાષી સપોર્ટ (Multi-lingual):** જુદી જુદી ભાષાઓમાં મુસાફરોને ફોન પર માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી.

### 10 મિનિટમાં ઘટના સ્થળે પહોંચવાનો લક્ષ્યાંક રખાયો છે

**નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) ના નિયમો અનુસાર, 1033 હેલ્પલાઇન પર કોલ કર્યા પછી એમ્બ્યુલન્સ અથવા કટોકટીની મદદ 10 મિનિટ ની અંદર ઘટનાસ્થળે પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. કોલ રીસીવ કરવાનો સમય 1 મિનિટ અને એમ્બ્યુલન્સ રવાના કરવાનો સમય 2 મિનિટ નક્કી કરાયો છે.**

### સમયસર રિસ્પોન્સ નહીં આપનાર કોન્ટ્રાક્ટરને દંડની જોગવાઈ

**કામગીરી સાથે જોડાયેલા મહત્વના મુદ્દાસમયબદ્ધ રિસ્પોન્સ: NHAI દ્વારા ઇમરજન્સી રિસ્પોન્સ વધુ સચોટ અને ઝડપી બનાવવા માટે કડક નિયમો બનાવવામાં આવ્યા છે, જેમાં સમયસર મદદ ન પહોંચાડવા પર સંબંધિત કોન્ટ્રાક્ટર સામે દંડ (પેનલ્ટી) ની જોગવાઈ છે**

અંકલેશ્વર: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ટોલ તો ઓનલાઈન કપાઈ જાય છે, પરંતુ જો વાહન બગડી જાય તો કલાકો સુધી મદદ મળતી નથી. 1033 હેલ્પલાઈનમાં હેલ્પ શબ્દ માત્ર નામ પૂરતો હોય તેવી ચિત્ર ઉપસી રહ્યું છે. આ એક્સપ્રેસ વે પર હાલોલ નજીક એક કાર બંધ થઈ જતાં એક બે નહીં પણ 30થી વધુ કોલ કરવા છતાં મદદ નહીં મળતાં અંતે કાર માલિકે મદદ માટે 150 કિલોમીટર દૂરથી તેના ભાઈને બોલાવવાની ફરજ પડી હતી.

ગોધરાથી સરભાણ ગામ તરફ પોતાની ફોરવ્હીલ લઈને જઈ રહેલા મહેન્દ્રસિંહ ખુમાનસિંહ પાટણવાડિયાની ગાડી હાલોલ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર અચાનક બંધ પડી હતી. મુશ્કેલીમાં મુકાયેલા વાહનચાલકે તાત્કાલિક મદદ માટે 1033 હેલ્પલાઈનનો સહારો લીધો હતો. પરંતુ તેમના આક્ષેપ મુજબ એક-બે નહીં, 30થી વધુ વખત કોલ કરવા છતાં કોઈ જવાબ મળ્યો ન હોતો. વાહનચાલકના જણાવ્યા મુજબ લગભગ બે-ત્રણ કલાક સુધી મદદની રાહ જોવી પડી હતી.હાઈવે જેવી ઝડપી અવરજવર ધરાવતી જગ્યાએ રાત્રિના સમયે વાહન રસ્તા વચ્ચે ઉભું હોય અને સમયસર પેટ્રોલિંગ કે રેસ્ક્યૂ સહાય ન મળે તો પાછળથી આવતા વાહનો સાથે અકસ્માતનો ખતરો પણ ઊભો થઈ શકે છે. આવી સ્થિતિમાં હેલ્પલાઈનની તાત્કાલિક કામગીરી અત્યંત જરૂરી બની જાય છે. હદ તો ત્યારે થઈ જ્યારે સ્થાનિક સ્તરે મદદ ન મળતાં વાહનચાલકને આશરે 150 કિલોમીટર દૂર રહેલા પોતાના ભાઈને મદદ માટે બોલાવવાની ફરજ પડી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સવાલ એ છે કે જો હાઈવે પર ટોલ ભરનાર વાહનચાલકને પોતાની જ મુશ્કેલીમાંથી બહાર આવવા માટે દૂર રહેતા પરિવારજનોનો સહારો લેવો પડે, તો પછી હાઈવેની ઈમરજન્સી સર્વિસ અને 1033 હેલ્પલાઈનની વ્યવસ્થા શા માટે?વાહનચાલકના આક્ષેપ મુજબ લગભગ ત્રણ કલાક બાદ હાઈવે પેટ્રોલિંગની ગાડી સ્થળ પર પહોંચી હતી.

## રાત્રે પાણી સમજી ભૂલથી એસિડ પી લેતાં સગીરાનું મોત

પલસાણા: પલસાણામાં મધ્ય રાત્રિએ તરસ લાગતાં પાણી પીવા ઊઠેલી એક ૧૬ વર્ષીય સગીરાએ ભૂલથી એસિડ ગટગટાવી લેતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે શ્રમજીવી પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના ઝાંસીના વતની અને હાલ પલસાણાના પરવેશ પાર્ક સ્થિત પીયૂષભાઈની બિલ્ડિંગમાં રહી મજૂરીકામ કરતા બુદ્ધસિંહ દોહરેની ૧૬ વર્ષીય દીકરી સોનમકુમારી સાથે આ ગોઝારી દુર્ઘટના ઘટી હતી. ગત તારીખ ૨૦ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ મધ્ય રાત્રે અઢી વાગ્યાના અરસામાં સોનમકુમારી અર્ધજાગૃત અવસ્થામાં પાણી પીવા ગઈ હતી, જ્યાં તેણે ભૂલથી પાણીની જગ્યાએ એસિડ પી લીધો હતો. આથી તેણીની તબિયત લથડતાં પરિવારજનોએ તેને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જોકે, કમનસીબે ચાલુ સારવાર દરમિયાન દીકરીએ અંતિમ શ્વાસ લીધા હતા. આ બનાવ અંગે પલસાણા પોલીસ મથકમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## નિઝરના વાંકા ચાર રસ્તા પાસે બિનઝેરી સાપનું રેસ્ક્યુ કરાયું



કુકરમુંડા: નિઝરના વાંકા ચાર રસ્તા નજીકના રહેણાક વિસ્તારમાં સાપ દેખાતાં લોકોમાં અફરાતફરી મચી હતી. સ્નેક રેસ્ક્યુઅરે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સાપને સુરક્ષિત રીતે પકડી લીધો હતો. આ સાપ બિનઝેરી 'ચેકર્ડ કીલબેક' (ડેડું) હતો, જે ભય અનુભવતાં નાગની જેમ ફણો ઉઠાવી હુમલો કરતો હોવાથી ડર ફેલાયો હતો. રેસ્ક્યુ બાદ સાપને કુદરતી વાતાવરણમાં છોડી દેવાતાં સ્થાનિકોએ રાહત અનુભવી હતી.

## કામરેજ સુગરની પીપોદરા ઝોનની રસાકસીભરી ચૂંટણીમાં અફઝલ પઠાણની 235 મતે જીત

**સહકારી** આગેવાનો અને મોટાં માથાંએ અફઝલ પઠાણને પછાડવા ધમપછાડા કર્યા, પરંતુ ફાવ્યા નહીં



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કામરેજ સુગરની યોજાયેલી પીપોદરા ઝોનની રસાકસીભરી ચૂંટણીમાં સૌની નજર મંડાઇ હતી. આખરે ભાટકોલના અફઝલખાન પઠાણ એક જ ચાલેનું સૂત્ર સાચું ઠેરવી 235 મતે જીત મેળવતાં અફઝલખાન પઠાણને હરાવવા માટે મેદાને પડેલા કેટલાક સહકારી આગેવાનો અને મોટાં માથાંની હાલત મા મને કોઠીમાંથી કાઢ જેવી થઈ હતી.

ચૂંટણી જાહેર થઈ હતી ત્યારથી જ પીપોદરા ઝોનમાં ચૂંટણી લડવા મેદાનમાં ઊતરેલા અફઝલખાન પઠાણને હરાવવા માટે બની બેઠેલા સહકારી આગેવાનો અને કેટલાંક મોટાં માથાં દ્વારા અનેક કાવાદાવા કરવામાં આવ્યા હતા. પરંતુ વર્ષોથી વિસ્તારની તમામ જ્ઞાતિના લોકોને સાથે લઈને ચાલનાર અને ખેડૂતોના પ્રશ્નોને પણ વાચા આપનાર અફઝલ પઠાણને મતદારોએ 'એક જ ચાલે'નું સૂત્ર સાર્થક કરી અફઝલ પઠાણને ચૂંટી કાઢતાં સામા પક્ષના તંબુમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પીપોદરા ઝોનમાં અફઝલ પઠાણની 235 મતની લીડ સાથે જીત થતાં અફઝલ પઠાણને ઘરે બેસાડવાના કેટલાંક માથાંનાં સપનાં ચકનાચૂર થયાં હતાં. જીતને પગલે ભાટકોલ, હથોડા, પાલોદ, કોઠવા, પીપોદરા, નાની નરોલી, તડકેશ્વર, શિયાલજ, પાનસરા, મોટા બોરસરા વગેરે વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ચોર બન્યા 'હોમ ડેકોરેટર': સોફા-ફ્રીજ સાથે શ્રીનાથજીનો ફોટો ચોરી ગયા!

**એનાના** ફાર્મ હાઉસમાં ચોકીદાર રજા પર હોવાથી ચોરોને મોજ

**દસ** ગાદલાં-તકિયા, કબાટ, આર.ઓ. ફિલ્ટર, ગેસના બે બાટલા, ઇલેક્ટ્રિક ગીઝર, ચૂલાની પણ ચોરી

પલસાણા: પલસાણાના એનામાં ગોપીનાથ ફાર્મહાઉસમાં અજાણ્યા તસ્કરોએ ત્રાટકીને રૂ.૬૦,૮૦૦ની મત્તાના ઘરવખરીના સામાનની ચોરી કરી હોવાની ફરિયાદ પલસાણા પોલીસ મથકમાં નોંધાઈ છે. તસ્કરોએ ફાર્મહાઉસના મુખ્ય લોખંડના દરવાજા અને અંદરના બિલ્ડિંગના લાકડાના દરવાજાના તાળા તોડીને અંદર ગેરકાયદે રીતે પ્રવેશ કર્યો હતો.

સુરત શહેરના ન્યૂ સિવિલ રોડ વિસ્તારમાં આવેલી રવિદર્શન સોસાયટીમાં રહેતા અને કાપડનો વેપાર કરતા ૫૬ વર્ષીય સુરેશભાઈ લેખરાજ ચુઘની માલિકીનું 'ગોપીનાથ ફાર્મ' એના ગામની સીમમાં સરવે નં.૨૨૪માં આવેલું છે.

આશરે ત્રણ વીઘાંમાં પથરાયેલા આ ફાર્મહાઉસમાં પાછળના ભાગે એક પાકા બાંધકામવાળું બિલ્ડિંગ આવેલું છે, જેમાં તેમણે જરૂરિયાત મુજબનો સામાન રાખેલો હતો. ફાર્મની દેખરેખ રાખતો ચોકીદાર વનમાળી નાયક રજા પર પોતાના વતન ગયો હોવાથી સુરેશભાઈ ગત ૫મી જુલાઈના રોજ બપોરના સમયે ફાર્મ પર આંટો મારવા ગયા હતા, ત્યારે બિલ્ડિંગમાં રાખેલો તમામ સામાન સહીસલામત હતો. બાદ ૧૯મી જુલાઈના રોજ તેઓ ફરી પોતાની પત્ની અને દીકરી સાથે ફાર્મ પર ગયા ત્યારે લોખંડના મુખ્ય દરવાજાનું લોક ગાયબ હતું અને અંદરના લાકડાના દરવાજાનાં તાળાં તેમજ હેન્ડલ તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. દરવાજો ખોલીને અંદર જઈને તપાસ કરતાં ફાર્મહાઉસના રૂમોમાંથી બે પંખા, એક સોફાસેટ, બે ગ્લાસ સાઈડ ટેબલ, સેન્ટર ટેબલ, બાર ખુરશીઓ, લાકડાના બે ચપ્પલ સ્ટેન્ડ, આઠ ફોલ્ડિંગ પલંગ, શ્રીનાથજી ભગવાનનો ફોટો, દસ ગાદલાં-તકિયા, કબાટ, આર.ઓ. ફિલ્ટર, ફ્રીજ, ગેસના બે બાટલા, ઈલેક્ટ્રિક ગીઝર, ચૂલો અને પ્લાસ્ટિકના ડાઈનિંગ ટેબલ સહિતનો કુલ રૂ.૬૦,૮૦૦ની કિંમતનો સામાન ચોરાયો હોવાનું માલૂમ પડ્યું હતું. કોઈ અજાણ્યા ચોરો આ ચીજવસ્તુઓની ચોરી કરી ગયા હોવાની જાણ થતાં પરિવારજનો સાથે ચર્ચા કર્યા બાદ સુરેશભાઈએ ૨૦મી ઓગસ્ટે પલસાણા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### NDPS કેસમાં પકડ વોરંટથી બે આરોપી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે છઠ્ઠી એડિશનલ સેશન્સ કોર્ટ, ભરૂચની સ્પેશિયલ NDPS કોર્ટ દ્વારા જારી કરાયેલા પકડ વોરંટની અમલવારી કરી NDPS કેસના બે આરોપીને ઝડપી પાડ્યા છે. ભરૂચ જિલ્લાના નાસતા ફરતા આરોપીઓ તેમજ કોર્ટ દ્વારા જારી કરવામાં આવતાં પકડ વોરંટની અસરકારક અમલવારીના અનુસંધાને અંકલેશ્વર ડિવિઝનના સ્ટાફે સ્પેશિયલ NDPS કેસ નં.૧૬/૨૦૨૫ના કામે પકડ વોરંટની અમલવારી કરી બે આરોપીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં અંકલેશ્વરના આંબોલી રોડ સ્થિત મન્નત સોસાયટીમાં રહેતા વસીમરાજા મહંમદ હનીફ શેખ તથા ONGC વર્કશોપ પાસેની નીલકંઠ સોસાયટીમાં રહેતા શુભમ સંજય પરીહારનો સમાવેશ થાય છે. આ મામલે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

### સુરત જિલ્લાની 4 નગરપાલિકાની સંકલન બેઠક યોજાઈ

પલસાણા: કડોદરા, બારડોલી, તરસાડી અને માંડવી નગરપાલિકાઓનાં વિકાસકાર્યો, સ્વચ્છતા, માર્ગ-રસ્તા અને ચોમાસા દરમિયાન રોગચાળા નિયંત્રણ સહિતના વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરવા કડોદરા ખાતે એક મહત્ત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠક કડોદરા નગરપાલિકાના ડો.શ્યામાપ્રસાદ મુખર્જી હોલ ખાતે સાઉથ ઝોન પ્રાદેશિક કમિશનર (નગરપાલિકા) એસ.ડી. વસાવાની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં ચારેય નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ, કારોબારી સભ્યો, એન્જિનિયર અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચના થામ ગામે ગેરકાયદે ડમ્પિંગ યાર્ડથી આરોગ્ય સામે જોખમ

ભરૂચ: ભરૂચ જિલ્લાના. થામ ગામની સીમમાં છેલ્લા બે વર્ષથી ગેરકાયદે રીતે ડમ્પિંગ યાર્ડ ચલાવવામાં આવી રહ્યું હોવાનો સ્થાનિકો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. આ બાબતને લઈને ગ્રામજનોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ નારાજગી સાથે જણાવ્યું કે, જો ખરેખર નિયમો અને પર્યાવરણીય મંજૂરીઓ વિના આ પ્રકારનું ડમ્પિંગ લાંબા સમયથી ચાલી રહ્યું હોય, તો તે માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ આસપાસના લોકોના આરોગ્ય અને સલામતી માટે પણ ગંભીર જોખમ ઊભું કરી શકે છે.

### સુરાલી મઢીના મનેશ ચૌધરી પીએચ.ડી. થયા



કડોદ: બારડોલીના સુરાલી મઢી ગામના વતની મનેશકુમાર બીનેશભાઈ ચૌધરી (ઉર્ફે મેડી) એ હિન્દી વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી સમગ્ર પરિવાર, ગામ તથા શૈક્ષણિક ક્ષેત્રનું ગૌરવ વધાર્યું છે. તેમણે "પ્રગતિવાદી કથા લેખન કે સંદર્ભ મેં માર્કંડેય કી કહાનિયો કા અનુશીલન" વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે. તેમના સંશોધન કાર્ય માટે શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલિયાના ડો. શર્મિલાબેન પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. મનેશકુમાર ચૌધરીએ પ્રગતિવાદી હિન્દી કથા સાહિત્યના મહત્ત્વપૂર્ણ વાર્તાકાર માર્કંડેયની વાર્તાઓનું સંશોધનાત્મક અધ્યયન કરીને હિન્દી સાહિત્યના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

### સ્યાદલામાં બીમાર આધેડનું મોત

કીમ: ઓલપાડના સ્યાદલા ગામે બિરસા મુંડા મૂર્તિ સામે રોડ કિનારેથી બાલજી મહારાજદત્ત ઓઝા (ઉં.વ.54) નામના આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. વર્ષ-2012થી પેરાલિસિસથી પીડાતા અને રખડતું જીવન જીવતા આધેડની તબિયત છેલ્લા ચાર દિવસથી લથડી હતી. ૨૦ ઓગસ્ટે બપોરે તેઓ મૃત હાલતમાં મળતાં કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઇસરોલીમાં ૨૦ વર્ષીય યુવતી લાપતા

બારડોલી: ઇસરોલીમાં રામદેવ મંદિર પાસેથી ૨૦ વર્ષીય યુવતી ગુમ થયાની ફરિયાદ બારડોલી ટાઉન પોલીસ મથકમાં નોંધાઈ છે. મૂળ હરિયાણાના અને હાલ ઇસરોલી રહેતા ૫૫ વર્ષીય વેપારી મહેન્દ્રસિંહ પહક્કડસિંહે પોલીસને જણાવ્યું હતું કે, તેમની દીકરી ભારતી ગત ૧૫ ઓગસ્ટના રોજ બપોરે બાર વાગ્યાના અરસામાં કુદરતી હાજતે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. ત્યારબાદ કોઈ પત્તો લાગ્યો ન હતો. પરિવારે પોલીસમાં ગુમ જાણવાજોગ નોંધાવી છે.

## રીલ કરાવે પોલીસની 'ફીલ': પહેલીવાર બાઈક ગઈ, તે છોડાવી ફરી સ્ટંટ કર્યો!

**વાલિયામાં** સ્ટંટના શોખીન યુવાનની ધરપકડ, પોલીસ સમક્ષ માફી માંગી



ભરૂચ: વાલિયાના સોડગામ ગામે રહેતા એક યુવાનને સ્પોર્ટ્સ બાઈક પર જોખમી સ્ટંટ કરી સોશિયલ મીડિયા પર રીલ્સ વાયરલ કરવાનું ભારે પડ્યું હતું. આ બાબતે વાલિયા પોલીસે સખત કાર્યવાહી કરતાં યુવાનને અટકાયતમાં લઈ સબક શીખવાડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ વાલિયાના સોડગામ ગામના કિશન કમલેશભાઈ વસાવા નામના યુવાને પોતાની બાઈક પર જાહેર રસ્તા પર જોખમી સ્ટંટ કર્યા હતા. આ અંગે વાલિયા પોલીસે તેની બાઈક ડિટેઈન કરી કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, પોલીસની કાર્યવાહી બાદ પણ યુવાને પોતાની બાઈક છોડાવી અને ફરી સ્ટંટ કરી તેની રીલ્સ બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધી હતી. યુવાનના આ વર્તનથી વાલિયા પોલીસે ગંભીરતા દાખવતાં તેની ધરપકડ કરી હતી. પોલીસે યુવાનને કાયદાનો ભંગ કરવાના ગંભીર પરિણામો સમજાવી તેને ચેતવણી આપી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે, જાહેર માર્ગો પર સ્ટંટ કરવાથી માત્ર યુવાનનું જ નહીં, પરંતુ અન્ય રાહદારીઓ અને વાહનચાલકોનું જીવન પણ જોખમમાં મુકાય છે. આવી બેજવાબદારી વર્તવી ગુનો છે.

યુવાનને પોતાની ભૂલનો અહેસાસ થતાં પોલીસ સમક્ષ માફી માંગી હતી. તેમજ ભવિષ્યમાં ક્યારેય આવો સ્ટંટ નહીં કરવાની લેખિત બાંયધરી આપી હતી. યુવાને પોતાનો માફીનો વિડીયો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

## વ્યારામાં ઉનાઈ નાકા પાસે રાષ્ટ્રધ્વજ ફાટેલી હાલતમાં ફરકતો રહ્યો!

**રાષ્ટ્રધ્વજના** કાપડની ખરીદીમાં ગેરરીતિના આક્ષેપ સાથે તપાસની માંગ



ઉનાઈ ચાર રસ્તા ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો છે. આ સ્થળ જિલ્લાની મુખ્ય કચેરીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ આવેલી હોવા છતાં ૧૫મી ઓગસ્ટના અઠવાડિયાની અંદર જ આ મુખ્ય

વ્યારા: વ્યારાના ઉનાઈ નાકા પાસે સર્કલ પર ગત 15મી ઓગસ્ટે ફરકાવવામાં આવેલો રાષ્ટ્રધ્વજ ફાટેલી હાલતમાં ફરકતો રહ્યો હતો. ત્યારે રાષ્ટ્રધ્વજના અપમાન અને હલકી ગુણવત્તાના કાપડની ખરીદીમાં થયેલા ભ્રષ્ટાચાર અંગે તપાસ કરી જવાબદારો સામે સખત કાર્યવાહી કરવા તાપી કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારાના રાષ્ટ્રધ્વજ ફાટેલી હાલતમાં ફરકી રહ્યો હતો. આ રાષ્ટ્રધ્વજ ૧૫મી ઓગસ્ટના બે દિવસ પહેલા જ લહેરાવવામાં આવ્યો હતો. ત્યારે માત્ર એક જ અઠવાડિયામાં રાષ્ટ્રધ્વજ ફાટી રાષ્ટ્રધ્વજ બનાવવા માટે વપરાયેલું કાપડ અત્યંત હલકી કક્ષાનું હોવાનું જણાઈ આવતાં રાષ્ટ્રની આન, બાન અને શાન સમાન રાષ્ટ્રધ્વજની ખરીદીમાં પણ નિમ્ન કક્ષાનું કાપડ ઉપયોગમાં લઈ ભ્રષ્ટાચાર કર્યો હોવાની ફરિયાદ ઊઠી છે. ગંભીર બેદરકારીના કારણે રાષ્ટ્રીય ગરિમાને ઠેસ પહોંચી હોવાથી પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ફાટેલા રાષ્ટ્રધ્વજને ઉતારી લેવામાં આવ્યો હતો.

## અંકલેશ્વરમાં રૂ.૪.૩૭ કરોડના વિદેશી દારૂનો નાશ કરાયો

અંકલેશ્વર: અંકલેશ્વર ડિવિઝનના શહેર 'એ' ડિવિઝન, શહેર 'બી' ડિવિઝન, અંકલેશ્વર રૂરલ, પાનોલી અને હાંસોટ પોલીસ મથકમાં નોંધાયેલા કુલ ૧૪૦ ગુનામાં ઝડપાયેલો વિદેશી દારૂનો જથ્થો યોગી એસ્ટેટ વિસ્તારમાં નાશ કરવામાં આવ્યો હતો. પાંચેય પોલીસ મથકના કેસોમાં ઝડપાયેલા અંદાજે રૂ.૪ કરોડ ૩૭ લાખ ૩૬ હજારથી વધુની કિંમતના વિદેશી દારૂની ૧.૨૩ લાખથી વધુ બોટલો પર રોલર ફેરવી તેનો નાશ કરાયો હતો. આ કાર્યવાહી દરમિયાન અંકલેશ્વરના નાયબ કલેક્ટર, મામલતદાર અને \પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## અમરેલીના યુવાન સાથે રૂ.૧.૭૪ લાખની ઠગાઈ

**ઓલપાડની** સ્કૂલનાં બાળકોના અભ્યાસ માટે ચેરમેને ડિજિટલ સ્માર્ટ પેનલ બોર્ડ મંગાવ્યાં હતાં

**અમદાવાદની** બોગસ કંપની સામે ફરિયાદ

સાયણ: ઓલપાડના માસમા-ઓરમા રોડની એક સ્કૂલના ચેરમેનને અમદાવાદની એક બોગસ કંપનીનો માલિક રૂ.૧.૭૪ લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી છેતરી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. સ્કૂલના ચેરમેને બાળકોના અભ્યાસ માટે ડિજિટલ સ્માર્ટ પેનલ બોર્ડ મંગાવતાં તેમણે સ્કૂલના બેંક ખાતામાંથી ઓનલાઈન રકમ બોગસ કંપનીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી હતી. મૂળ સૌરાષ્ટ્રના અમરેલીના સાવરકુંડલાના વતની અને હાલ સુરતના મોટા વરાછા-ઉત્રાણ ખાતે રહેતા ૨૬ વર્ષીય સ્મિત ભૂપત બોઘરા સાથે રૂ.૧.૭૪ લાખની ઓનલાઈન ઠગાઈ થઈ હતી. સ્મિત બોઘરા ઓલપાડના માસમા-ઓરમા રોડ પર આવેલી 'જ્ઞાન વેલી ઈન્ટરનેશનલ સ્કૂલ'ના ચેરમેન છે. શાળામાં ડિજિટલ શિક્ષણ માટે ૭૫ ઈંચનાં બે સ્માર્ટ પેનલ બોર્ડ ખરીદવા તેમણે ઓનલાઈન સર્ચ કર્યું હતું. તે દરમિયાન અમદાવાદની 'એસ.એન.એલ. ટેકનો ઈન્ડિયા' કંપનીના માલિક નમન શિવાનંદ શુક્લાનો સંપર્ક થયો હતો. રૂ.૧.૭૪ લાખમાં સોદો નક્કી થતાં સ્મિત બોઘરાએ જૂન-૨૦૨૬ની ૪ અને ૫ તારીખે સ્કૂલના ખાતામાંથી પૂરતી રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી આપી હતી. વેપારીએ ૧૫ દિવસમાં ડિલિવરી આપવાનું વચન આપ્યું હતું, પરંતુ માલ પહોંચ્યો નહોતો. ત્યારબાદ નમન શુક્લાએ વોટ્સએપ પર 'ઓન ટાઈમ લોજિસ્ટિક્સ'ની બનાવટી ડિલિવરી નોટ મોકલી આપી હતી અને બાદમાં ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. ટ્રાન્સપોર્ટ કંપનીમાં તપાસ કરતા આ ડિલિવરી નોટ બોગસ હોવાનું બહાર આવ્યું હતું. આથી સ્મિત બોઘરાએ અમદાવાદ જઈ તપાસ કરાવતા 'એસ.એન.એલ. ટેકનો ઈન્ડિયા' નામની કોઈ કંપની જ અસ્તિત્વમાં ન હોવાનું માલૂમ પડ્યું હતું. પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની જાણ થતાં તેમણે ઓલપાડ પોલીસ મથકમાં નમન શુક્લા વિરુદ્ધ ઓનલાઈન ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી પીઆઈ સી.આર.જાદવે વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Insidious:Out Of The Further
12:00pm, 03:00pm
Awarapan 2
11:00am, 01:00pm, 04:00pm, 05:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Batwara 1947
10:00am, 02:00pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333